ઓ૩મ

ઇશ્વર ભકિતની સરળ વિધિ

ઋગ્વેદ

યજુર્વેદ

સામવેદ

અથર્વવેદ

પરમ પુજ્ય સ્વર્ગંય પિતાશ્રી

ચંદુલાલ રામશાહ

એઓશ્રીની પ્રથમ પુણ્ય તિથિ નિમીતે ભક્તિ રસથી ભરપુર પુષ્પાંજલી રૂપે આપના ચિરંજીવીયો તથા સહકુટુંબ પરિવાર તરફથી શ્રદ્ધાંજલી અર્પીયે છીએ.

અર્પનાર આપના ચિરંજીવીઓ

રતિલાલ ચંદુલાલ કંદોઇ   મણીલાલ ચંદુલાલ કંદોઇ

ઠે ખંડેરાવ મારકીટ પાછળ, વડોદરા.

પ્રકાશક : સત્ય સનાતન વૈદિક ધર્મ પ્રચાર કેન્દ્ર

જુની કાછીયાવાડ, વડોદરા.

જનતાને—નિવેદન

卐

શ્રી સત્યસનાતન વૈદિક ધર્મ પ્રચાર કેન્દ્રના સંચાલક શ્રી ગુલાબદાસ પ્રવાસી ગત પાંચ વર્ષ થી સમસ્ત મહા ગુજરાતમાં એક આર્ય મિશનરીની શ્રદ્ધાથી તન-મન ધન થી વૈદિક વિચાર ધારાનો પ્રચાર કરી રહ્યા છે. તેઓ નાની-નની પ્રચાર પુસ્તિકાઓ અને પત્રિકાઓ દ્વારા વૈદિક સિદ્ધાન્તોનો સરળ અને સુબોધ ભાષા માં આમ જનતામાં સફળતાપૂર્વક પ્રચાર કાર્ય કરે છે. આજ દિન સુધીમાં તેમણે નાનાં-નાનાં ૧૪ નિઃશુલ્ક પ્રકાશનો બહાર પાડયાં છે સાચે જ તેમનો આ પ્રયાસ અને ઉત્સાહ વધે એટલા માટે આ શુભ પ્રવૃતિમાં આપે સૌહુ વધુમાંવધુ સહાકાર આપી પુણ્યના ભાગી થશો એવી જનતાને મારી હાર્દિક અપીલ છે.

નામ રહંતા ઠાકરા નાણા નહી રહત,
કિર્તિ કેરા કોટડા પાડયા નહી પડંત'

— ડા. દિલીપ વેદાલંકાર.

પખી પીનશે ના ઘટે સરિતા નીર,
ધર્મ કીએ ધન ના ઘટે કહ ગયે દાસ કબીર.

Scanned with CamScanner

... શુભેચ્છા ...

દિલપભાઈ

॥ ૐ ॥

પરમહંસ પરિવ્રાજકાચાર્ય : મહર્ષિ દયાનંદ સરસ્વતી

નિર્મિત નિત્યકર્મ વિધિ

ઇશ્વર ઉપાસના

હું કહી શકું છું કે ઘણા પ્રસંગોમાં "મને ઇશ્વરે બચાવ્યો છે" જ્યારે બધી આશા છોડીને બેસીએ, બન્ને હાથ હેઠા પડે, ત્યારે ક્યાંક ને ક્યાંકથી મદદ આવી પડે છે એમ મેં અનુભવ્યું છે

સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના એ વહેમ નથી, પણ આપણે ખાઇએ છીએ, પીએ છીએ, ચાલીએ છીએ, બેસીએ છીએ, એ બધું જેટલુ સાચું છે તેના કરતાં એ વધારે સાચી વસ્તુ છે.

એજ સાચું છે. બીજું બધું ખોટું છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી

આવી ઉપાસના, આવી પ્રાર્થનાનું મૂળ ગળું નથી પણ હૃદય છે. વિકારરૂપી મળોના શુદ્ધિ કરવા સારૂં હાર્દિક ઉપાસના જડીબુટ્ટી છે. એ વિષે મને શંકા નથી પણ તેની પ્રાપ્તિ માટે આપણામાં દઢ વિશ્વાસ હોવો જોઇએ.

— ગાંધીજી

Scanned with CamScanner

પંચ મહાયજ્ઞ

અધ્યાપનં બ્રહ્મયજ્ઞ પિતૃયજ્ઞસ્તુ તર્પણમ્ ॥
હોમોદૈવોબલિર્ભૌતોનૃયજ્ઞોતિથિ પૂજનમ્ ॥ (મનુ ૩/૭૦)

ગૃહસ્થાશ્રમમાં થાય છે, સદા પાપ જે પાંચ;
તે નિવૃત્ત કરવા કહ્યા નિત્ય યજ્ઞ પણ પાંચ;
પહેલો છે બ્રહ્મયજ્ઞ, તે શાસ્ત્ર પઠન પાઠન;
દેવયજ્ઞ બીજો કરે. હોમ હવન પાવન.
પિતૃયજ્ઞ પિતા અને. જનના સંતોષાય;
ભૂતયજ્ઞ પ્રાણી તણું. પોષણ જેનાથી થાય;
નૃયજ્ઞ ગણાય જે અતિથિ નો સત્કાર;
એ આચરશે પાંચ તો "થાય" સુખી સંસાર.

યજ્ઞ ગીત

હોમ હવન રૂડા થાય હમારે મંદિરે,
હોમ હવન રૂડા થાવ થાય—ટેક૦

આપે આહુતિ હોતા હરખથી, ઉત્તમ અગ્નિ માંય;
સદ્‌ગુણ સાગર સાધુ પંડિતો વેદ ભણતા જાય. ૧
કેસર, કસ્તુરી, સુગંધ ચંદન, ગાયોના ઘી હોમાય;
સકળ અશુદ્ધિ નષ્ટ કરીને વાયુ નિર્મળ થાય. ૨
મંગળ ગીતો ગવાય આંગણીએ, ધૂન વેદોના થાય;
સરખા સહેલા સાથે મળીને, ગીત મધુરાં ગાય. ૩
સંકટહારી શામ ગાનથી "ઈશોપાસના" થાય;
નર નારીના સમુહ મધ્યે, સ્વાહા સ્વાહા સંભળાય ૪

Scanned with CamScanner

ઓંકાર: પ્રણવો બ્રહ્મ, સર્વ મંત્રેષુ નાયક : ।। (પતંજલ)

ૐ

ઓરૂમ નામ સર્વોત્તમ ઈશ્વરનું,
વેદ સકળનું સત્ય તત્વએ, અ, ઉ, મ, ત્રણ અક્ષરનું - ઓરૂમ
વિરાટ અગ્નિ વિશ્વ 'અ' કારે, હિરણ્ય ગર્ભને વાયુ 'ઉ' કારે;
ઈશ્વર, અદિત્ય. પ્રાજ્ઞ 'મ' કારે, તત્સચ્ચિત આનંદનું - ઓરૂમ
પ્રાણ તણો આધાર ખરો ભૂ: અપાન સુખરૂપ ભૂવઃ સ્વયંભૂ;
સ્વ: વ્યાન વ્યાપક સર્વેમાં, વ્યાન વ્યાહૃતિ પદનું - ઓરૂમ
જગના ધારક જનક દેવનું, ધ્યાન યોગ તે શુદ્ધ સ્વરૂપનું;
ધારણ કરીએ અમે લોક સહુ. યોગચિત્તથી હરનું - ઓરૂમ
જેથી પ્રેરે બુદ્ધિ હમારી, શ્રેષ્ઠ ધર્મ કર્મોમાં વળી;
ધર્મ અર્થ શુભ કામ મોક્ષદા; પદ તે છે શંકરનુ - ઓરૂમ

સંધ્યા

ઓરૂમ ભૂ ભૂંવઃ સ્વઃ । તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ।
ધિયો યો નઃ પ્રચોદયાત્ ।।

।। ૐ ।।

પૂર્વાં સંધ્યાં જપસ્તિષ્ટેત્સાવિત્રીમાર્ક દર્શનાત ।
પશ્ચિમાં તુ સમાસીનઃ સમ્યગૃક્ષવિભાવનાત્ ।।

અર્થાત્ : ગાયત્રી મંત્રનો જાપ કરતાં કરતાં પ્રાતઃકાલની સંધ્યા સૂર્ય દર્શન સુધી અને સાયંકાલની સંધ્યા નક્ષત્ર દર્શન સુધી બેસીને કરવી (મનુસ્મૃતિ : ૨ ·૧૦૧)

Scanned with CamScanner

પ્રથમ પદ્માસન (ગાયત્રી) ગુરૂમંત્રથી શિખાબંધન કરવું પછી સ્થિર ચિત્તે 'હે સત્ ચિત્ આનંદ સ્વરૂપ પરમાત્મા મને સન્મતિ આપો' એવી ભાવના સાથે આચમન કરી સન્ધ્યા નો પ્રારંભ કરવો :-

(સન્ધ્યા પ્રારંભ)

આચમન

જમણા હાથની હથેલીપર પાણી લઈ ત્રણ વખત નીચેનો મંત્ર બોલી ત્રણ આચમન કરવા.

ૐ શન્નો દેવીરભિષ્ટય આપો ભવન્તુ પીતયે । શંયોરભિસ્રવન્તુ નઃ ॥

હવે ડાબા હાથના હથેલામાં જળ લઈ જમણા હાથની વચલી બે આંગળીઓ વડે નીચે પ્રમાણે તે તે ભાગોને સ્પર્શ કરવો.

ઇન્દ્રિય સ્પર્શ

(ભાવના : ઇન્દ્રિયો બળવાન બનો)

ૐ વાક્ વાક્ । બન્ને હોઠને
,, પ્રાણ: પ્રાણ: । નાકના બન્ને છિદ્રોને
,, ચક્ષુ: ચક્ષુ: । બન્ને આંખોને
,, શ્રોત્રમ્ શ્રોત્રમ્ । બન્ને કાનોને
,, નાભિ । ડુંટીને
,, હૃદયમ્ । હૃદયપર
,, કણ્ઠ: । ગળાને
,, શિર: । માથાપર
,, બાહુભ્યાં યશોબલમ્ । બન્ને ખભાપર
,, કરતલ કરપૃષ્ઠે । હથેળીની બન્ને બાજુ

ઇન્દ્રિય માર્જન

(ભાવના: ઇન્દ્રિયો પવિત્ર બનો)

ૐ ભૂ: પુનાતુ શિરસિ । માથાપર
,, ભુવ: પુનાતુ નેત્રયો । આંખોને
,, સ્વ: પુનાતુ કણ્ઠે । ગળાને
,, મહ: પુનાતુ હૃદયે । હૃદયપર
,, જન: પુનાતુ નાભ્યામ । ડુંટીને
,, તપ: પુનાતુ પાદયો: । બન્ને પગોને
,, સત્યં પુનાતુ પુન: શિરસિ । ફરથી માથા પર
,, ખં બ્રહ્મ પુનાતુ સર્વત્ર । આખા શરીર પર

Scanned with CamScanner

પ્રાણાયામાદ્ શુદ્ધિ ક્ષયે જ્ઞાનદીપ્તિ રાવિવેકખ્યાતે (પાતંજલ)

પ્રા ણા ય મ

(જીવન મંત્ર)

ૐ

* ક્રિયાઃ સ્થૂલ, તથા સૂક્ષ્મ શરીર, બન્નેની ઉન્નતિ માટે શ્વાસ રોકી મનમાં મંત્ર જાપ કરતાં કરતાં પ્રાણાયામ કરવા

ૐ ભૂ: – સત પ્રાણ
ૐ ભુવ: – ચિત અપાન
ૐ સ્વ: – આનંદ વ્યાન
ૐ મહ: – મહાન
ૐ જન: – સર્જક જીવનદાતા
ૐ તપ: – રક્ષક; દંડક
ૐ સત્યમ્: – અજર; અમર; અટળ.

અઘમર્ષણ

ભાવના : ઇશ્વર પ્રત્યે શ્રધ્ધા અને ભક્તિ દ્વારા નમ્રતા
ક્રિયા : દુષ્કર્મ અને કુવિચારોથી દૂર રહેવું

ૐ ઋતંચ સત્યંચાભીદ્ધાત્તપસોઽધ્યજાયત ।
તતો રાત્ર્યજાયત તતઃ સમુદ્રો અર્ણવ ॥ ૧ ॥
" સમુદ્રાદર્ણવાદધિ સંવત્સરો અજાયત ।
અહોરાત્રાણિ વિદધદ્વિશ્વસ્ય મિષતો વશી ॥ ૨ ॥
" સૂર્યાચન્દ્રમસૌ ધાતા યથાપૂર્વમકલ્પયત ।
દિવંચ પૃથિવીંચાન્તરિક્ષમથો સ્વઃ ॥ ૩ ॥

---

* રેચક, કુંભક, અને પૂરક, એ રીતે શ્વાસોશ્વાસની ક્રિયા કોઈ જાણકાર પાસે શીખી લઈને પછીજ ક્રિયા કરવાથી સાચો લાભ થશે

મનસા પરિક્રમા

અર્થાત્–ઈશ્વરની સર્વ વ્યાપકતાની, નીચે પ્રમાણે ભાવના કરવી.

卐

જ્યાં જ્યાં નજર મારી ઠરે,
ત્યાં ત્યાં હરિ, તુજ હાજરી;
ચારે દિશા નીચે ઉપર,
રક્ષક અમારો તું હરિ

દિશા	અધિપતિ	સાધન	બંધન મુક્તિ
પૂર્વ	અગ્નિ	જ્ઞાન	મોહ
દક્ષિણ	ઈન્દ્ર	દાન	લોભ
પશ્ચિમ	વરુણ	જીતેન્દ્રિયતા	કામ
ઉત્તર	સોમ (ચંદ્ર)	યોગ	ક્રોધ
નીચે	વિષ્ણુ	સત્સંગ	અહંકાર
ઉપર	બ્રહસ્પતિ	ઈશ્વરકૃપા	મોક્ષ

卐

પૂર્વ – ૐ પ્રાચી દિગગ્નિરધિપતિરસિતો રક્ષિતાદિત્યા ઇષવઃ ।
તેભ્યો નમોઽધિપતિભ્યો નમો રક્ષિતૃભ્યો નમ ઇષુભ્યો નમ
એભ્યો અસ્તુ । યોઽસ્માન્ દ્વેષ્ટિ યં વયં દ્વિષ્મસ્તં
વો જમ્ભે દધ્મઃ ॥ ૧ ॥

દક્ષિણ – ૐ દક્ષિણા દિગિન્દ્રોઽધિપતિસ્તિરશ્ચિરાજી રક્ષિતા પિતર
ઈષવઃ । તેભ્યો નમો૦ ॥ ૨ ॥

પશ્ચિમ – ૐ પ્રતીચી દિગ્વરુણોઽધિપતિઃ પૃદાકૂ રક્ષિતાન્નમિષવઃ ।
તેભ્યો નમો૦ ॥ ૩ ॥

ઉત્તર – ૐ ઉદીચી દિક્ સોમોઽધિપતિઃ સ્વજો રક્ષિતા અશનિરિષવઃ ।
તેભ્યો નમો ॥ ૪ ॥

નીચે – ૐ ધ્રુવા દિગ્વિષ્ણુરધિપતિઃ કલ્માષગ્રીવો રક્ષિતા વીરુધ ઇષવઃ ।
તેભ્યો નમો૦ ॥ ૫ ॥

ઉપર – ૐ ઊર્ધ્વા દિગ્બૃહસ્પતિરધિપતિઃ શ્વિત્રો રક્ષિતા વર્ષમિષવઃ ।
તેભ્યો નમો૦ ॥ ૬ ॥

卐

ઉ પ સ્થા ન ભાવના :– પરમાત્મા સમીપ બેસવું

ૐ ઉદ્વયં તમસસ્પરિ સ્વઃ પશ્યન્ત ઉત્તરમ્ ।
દેવં દેવત્રા સૂર્યમગન્મ જ્યોતિરુત્તમમ્ ॥ ૧ ॥

ૐ ઉદુ ત્યં જાતવેદસં દેવં વહન્તિ કેતવઃ ।
દૃશે વિશ્વાય સૂર્યમ્ ॥ ૨ ॥

ૐ ચિત્રં દેવાનામુદગાદનીકં ચક્ષુર્મિત્રસ્ય વરુણસ્યાગ્નેઃ ।
આપ્રા દ્યાવાપૃથિવી અન્તરિક્ષ
સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ સ્વાહા ॥ ૩ ॥

ૐ તચ્ચક્ષુર્દેવહિતં પુરસ્તાચ્છુક્રમુચ્ચરત્ ।
પશ્યેમ શરદઃ શતં જીવેમ શરદઃ
શતં શૃણુયામ શરદઃ શતં પ્રબ્રવામ શરદઃ
શતમદીનાઃ સ્યામ શરદઃ શતં ભૂયશ્ચ શરદઃ શતાત્ ॥ ૪ ॥

(ઓછામાં ઓછી એક માળા–૧૦૮ વખત–ગાયત્રી મંત્રનો જાપ કરવો)

॥ ગા ય ત્રી મં ત્ર ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ । તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ।
ધિયો યો નઃ પ્રચોદયાત ॥

નમસ્કાર

હે ઈશ્વર દયાનિધે ! ભવત્કૃપયાઽનેન
જપોપાસનાદિ કર્મણા ધર્માર્થકામમોક્ષાણાં સદ્યઃ સિદ્ધિર્ભવેન્નઃ ॥

ૐ નમઃ શંભવાય ચ,
મયોભવાય ચ
નમઃ શંકરાય ચ,
મયસ્કરાય ચ,
નમ શિવાય ચ,
શિવતરાય ચ ॥

卐

નમસ્તે હમારા અહો પ્રાણ દાતા,
નમસ્તે હમારા પિતા, માતા, ભ્રાતા;
નમસ્તે મહાદેવ જોડી દ્વિ કરતે.
નમસ્તે પ્રભુજી, નમસ્તે નમસ્તે
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।

卐

સમાપ્ત

ઈશ્વર પ્રાર્થના

ઓરૂમ વિશ્વાની દેવ સવિતર્દુરિતાની પરાસુવ ।
યદ્ભદ્રં તન્ન આસુવ ॥ ૧ ॥

ઓરૂમ હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્ ।
સ દાધાર પૃથિવીં દ્યામુતેમાં કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥૨॥

ઓરૂમ ય આત્મદા બલદા યસ્ય વિશ્વ ઉપાસતે પ્રશિષં યસ્ય દેવાઃ ।
યસ્યચ્છાયાઽમૃતં યસ્ય મૃત્યુઃ કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥૩॥

ઓરૂમ યઃ પ્રાણતો નિમિષતો મહિત્વૈક ઇદ્રાજા જગતો બભૂવ ।
ય ઈશે અસ્ય દ્વિપદશ્ચતુષ્પદઃ કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥૪॥

Scanned with CamScanner

ઓ૩મ યેન દ્યૌરુગ્રા પૃથિવી ચ દૃઢા યેન સ્વઃ સ્તભિતં યેન નાકઃ ।
યો અન્તરિક્ષે રજસો વિમાનઃ કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥૫॥
ઓ૩મ પ્રજાપતે ન ત્વદેતાન્યન્યો વિશ્વા જાતાનિ પરિતા બભૂવ ।
યત્કામાસ્તે જુહુમસ્તન્નો અસ્તુ વયં સ્યામ પતયો રયીણામ્ ॥૬॥
ઓ૩મ સ નો બન્ધુર્જનિતા સ વિધાતા ધામાનિ વેદ ભુવનાનિ વિશ્વા ।
યત્ર દેવા અમૃતમાનશાનાસ્તૃતીયે ધામન્નધ્યૈરયન્ત ॥૭॥
ઓ૩મ અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાની દેવ વયુનાનિ વિદ્વાન ।
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભુયિષ્ઠાં તે નમ ઉક્તિ વિધેમ ॥૮॥

卐

યજદેવપૂજાસંગતિકરણ દાનેષુ । (પાણિની)

અગ્નિહોત્ર (હવન)

અગ્નિહોત્ર જુહુયાત્ સ્વર્ગકામઃ ॥ સાયં સાયં ગૃહપતિર્નો અગ્નિઃ પ્રાતઃ પ્રાતઃ સૌમનસ્ય દાતા ॥

સુખ શાંતિની ઈચ્છાવાળા ગૃહસ્થીઓએ પોતાના ઘરમાં સવાર સાંજ ઈશ્વર ઉપાસના તથા અગ્નિહોત્ર દ્વારા અગ્નિસ્વરૂપ પરમાત્માની ઉપાસના કરવી (યજ્ઞ પ્રારંભ)

આ ચ મ ન

(નીચેના દરેક મંત્રથી જળવડે અકેક આચમન કરવું)

ૐ અમૃતોપસ્તરણમસિ સ્વાહા ॥ (૧)
ૐ અમૃતાપિધાનમસિ સ્વાહા ॥ (૨)
ૐ સત્યં યશઃ શ્રીર્મયિ શ્રીઃ શ્રયતાં સ્વાહા ॥ (૩)

Scanned with CamScanner

ઇન્દ્રિય સ્પર્શ

(નીચેના મંત્રોથી જલ વડે ઇન્દ્રિય સ્પર્શ કરવો)

ૐ વાઙ્મઽઆસ્યેઽસ્તુ ॥ મ્હોં — ૐ નસોર્મે પ્રાણોઽસ્તુ ॥ નાક
,, અક્ષોર્મે ચક્ષુરસ્તુ ॥ આંખ — ,, કર્ણયોર્મે શ્રોત્રમસ્તુ ॥ કાન
,, બાહ્વોર્મે બલમસ્તુ ॥ હાથ — ,, ઊર્વોર્મે ઓજોઽસ્તુ ॥ જાંઘ
,, અરિષ્ટાનિ મે અંગાનિ, તનુસ્તન્વા મે સહ સન્તુ ॥ સર્વાંગ

卐

અગ્ન્યાધાન

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ॥

(આ મંત્રથી અગ્નિ પ્રગટાવવો.)

(નીચેના મંત્રથી અગ્નિ કુંડમાં મૂકવો)

ૐ ભૂર્ભુવઃ સ્વર્દ્યૌરિવ ભૂમ્ના પૃથિવીવ વરિમ્ણા ।
તસ્યાસ્તે પૃથિવી દેવયજનિ પૃષ્ઠેઽગ્નિમન્નાદમન્નાદ્યાયાદધે ॥

(નીચેના મંત્રથી અગ્નિ પ્રજ્વલિત કરવો)

ૐ ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિજાગૃહિ ત્વમિષ્ટાપૂર્તે સં સૃજેથામયં ચ ।
અસ્મિન્ત્સધસ્થે અધ્યુત્તરસ્મિન્ વિશ્વેદેવા યજમાનશ્ચ સીદત ॥

卐

સમાધાધાન

(નીચેના દરેક મંત્ર વડે સ્વાહા બોલી આઠ આંગળ સમિધા ઘીમાં બોળી યજ્ઞમાં નાંખવી)

ઓરૂમ અયન્ત ઇધ્મ આત્મા જાતવેદસ્તેનેધ્યસ્વ વર્દ્ધસ્વ ચેદ્ધ વર્દ્ધય ચાસ્માન્ પ્રજયા પશુભિર્બ્રહ્મવર્ચસેનાન્નાદ્યેન સમેધય સ્વાહા ॥
ઇદમગ્નયે જાતવેદસે ઇદન્ન મમ ॥ (૧)

ઓ૩મ સમિધાગ્નિં દુવસ્યત ઘૃતૈર્બોધયતાતિથિમ્। આસ્મિન્હવ્યા જુહોતન
ઓ૩મ સુસમિદ્ધાય શોચિષે ઘૃતં તીવ્રં જુહોતન અગ્નયે જાતવેદસે સ્વાહા
ઇદમગ્નયે જાતવેદસે ઇદન્ન મમ ॥ (૨) યજુ અ ૩. નં ૩
ઓ૩મ તન્ત્વા સમિદ્ભિરઙ્ગિરો ઘૃતેન વર્ધયામસિ। બૃહચ્છોચાયવિષ્ઠય
સ્વાહા ॥ ઇદમગ્નયેઽઙ્ગિરસે ઇદન્ન મમ ॥ (૩)

(નીચેના મંત્રથી ફક્ત ઘીની પાંચ વખત આહુતી આપવી)

ૐ અયન્ત ઇધ્મ આત્મા જાતવેદસ્તેનેધ્યસ્વ વર્ધસ્વ ચેદ્ધવર્ધય ।
ચાસ્માન્પ્રજયા પશુભિર્બ્રહ્મવર્ચસેનાન્નાદ્યેન સમેધય સ્વાહા ॥
ઇદમગ્નયે જાતવેદસે ઇદન્ન મમ ॥

(નીચેના મંત્રો વડે ચારે દિશામાં જલસિંચન કરવું.)

પૂર્વમાં : ૐ અદિતેઽનુમન્યસ્વ ॥ ૐ પશ્ચિમમાં : અનુમતેઽનુમન્યસ્વ ॥
ઉત્તરમાં : ૐ સરસ્વત્યનુમન્યસ્વ ॥
દક્ષિણમાં : ૐ દેવ સવિતઃ પ્રસુવ યજ્ઞં પ્રસુવ યજ્ઞપતિં ભગાય ।
દિવ્યો ગન્ધર્વઃ કેતપૂઃ કેતં નઃ પુનાતુ વાચસ્પતિર્વાચં નઃ સ્વદતુ ॥

આઘારાવાજ્ય આહુતી

(નીચેના મંત્રોવડે ફક્ત ઘીની આહુતીઓ વેદીમ જુદીજુદી દીશામાં આપવી)

ઉત્તરમાં : ૐ અગ્નયે સ્વાહા ॥ ઇદમગ્નયે ઇદં ન મમ ॥
દક્ષિણમાં : ,, સોમાય સ્વાહા ॥ ઇદં સોમાય ઇદં ન મમ ॥
મધ્યમાં : ,, પ્રજાપતયે સ્વાહા ॥ ઇદં પ્રજાપતયે ઇદં ન મમ ॥
,, : ,, ઇન્દ્રાય સ્વાહા ॥ ઇદં ઇન્દ્રાય ઇદં ન મમ ॥

Scanned with CamScanner

(ફક્ત સવારના યજ્ઞ માટેની ૪ આહુતિઓ)

ઓ૩મ સૂર્યો જ્યોતિર્જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા ॥૧॥

ઓ૩મ સૂર્યો વર્ચો જ્યોતિર્વર્ચઃ સ્વાહા ॥૨॥

ઓ૩મ જ્યોતિઃ સૂર્યઃ સૂર્યો જ્યોતિ સ્વાહા ॥૩॥

ઓ૩મ સજૂર્દેવેન સવિત્રા સજૂરુષસેન્દ્રવત્યા જુષાણઃ સૂર્યો વેતુ સ્વાહા ।૪।

(ફક્ત સાંઝના યજ્ઞ માટેની ૪ આહુતીઓ)

ઓ૩મ અગ્નિર્જ્યોતિર્જ્યોતિરગ્નિ સ્વાહા ॥૧॥

ઓ૩મ અગ્નિર્વર્ચો જ્યોતિર્વર્ચઃ સ્વાહા ॥૨॥

ઓ૩મ અગ્નિર્જ્યોતિર્જ્યોતિરગ્નિઃ સ્વાહા ॥૩॥

(આ મંત્ર મનમાં બોલવો.)

ઓ૩મ સજૂર્દેવેન સવિત્રા સજૂરાત્ર્યેન્દ્રવત્યા જુષાણો અગ્નિર્વેતુસ્વાહા ।૪।

(સવાર સાંજ બન્ને સમયની આહુતીઓ)

ઓ૩મ ભૂરગ્નયે પ્રાણાય સ્વાહા । ઇદ નગ્નયે પ્રાણાય ઇદં ન મમ ॥(૧)

ઓ૩મ ભુવર્વાયવેઽપાનાય સ્વાહા । ઇદં વાયવેઽપાનાય ઇદં ન મમ ॥(૨)

ઓ૩મ સ્વરાદિત્યાય વ્યાનાય સ્વાહા । ઇદમાદિત્ય ય વ્યાનાયઇદન મમ (૩)

ઓ૩મ ભુર્ભુવઃ સ્વરગ્નિવાય્વાદિત્યેભ્યઃ પ્રાણાપાનવ્યાનેભ્યઃ સ્વાહા ।

ઇદમગ્નિવાય્વાદિત્યેભ્યઃ પ્રાણાપાનવ્યાનેભ્યઃ ઇદ ન મમ ॥ (૪)

ઓ૩મ આપો જ્યોતિરસોઽમૃત બ્રહ્મ ભુર્ભુવઃ સ્વરોં સ્વાહા ॥ (૫)

ઓ૩મ યાં મેધાં દેવગણાઃ પિતરશ્ચોપાસતે ।

તયાં મામદ્ય મેધયાઽગ્ને મેધાવિનં કુરુ સ્વાહા ॥ (૬)

Scanned with CamScanner

ઓ૩મ વિશ્વાનિ દેવ સવિતર્દુરિતાનિ પરાસુવ ।
યદ્ભદ્રં તન્ન આસુવ સ્વાહા ॥ (૭)
ઓ૩મ અગ્ને નય સુપથા રાયે અસ્માન્વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન ।
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાં તે નમ ઉક્તિં વિધેમ સ્વાહા (૮)
(નીચેના મંત્ર વડે ભાત અથવા મિષ્ટાન્નની સ્વિષ્ટકૃત આહુતી આપવી)
ૐ યદસ્ય કર્મણોઽત્યરીરિચં યદ્વા ન્યુનમિહાકરમ્ ।
અગ્નિષ્ટત્સ્વિષ્ટકૃદ્વિદ્યાત્સર્વં સ્વિષ્ટં સુહુતં કરોતુ મે ।
અગ્નયે સ્વિષ્ટકૃતે સુહુતહુતે સર્વપ્રાયશ્ચિત્તાહુતીનાં સમર્દ્ધયિત્રે
સર્વાન્ન કામાન્ સમર્દ્ધય સ્વાહા । ઇદમગ્નયે સ્વિષ્ટકૃતે ઇદન્ન મમ ॥
(નીચેનો મંત્ર મનમાં બોલી પ્રાજાપત્યાહુતી આપવી)
ૐ પ્રજાપતયે સ્વાહા । ઇદં પ્રજાપતયે ઇદન્ન મમ ॥
(પૂર્ણાહુતિ) ૐ પૂર્ણાદર્વિ પરાપત સુપૂર્ણા પુનરાપત ।
વસ્નેવ વિક્રીણાવહૈ ઇષમૂર્જં શતક્રતો સ્વાહા ॥
ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે સ્વાહા ॥
(નીચેના મંત્ર વડે વધેલી સર્વ સામગ્રીથી ૩ આહુતી આપવી)
ઓ૩મ સર્વં વૈ પૂર્ણં સ્વાહા ॥
(હવે બાકી રહેલા ઘીની અખંડ ધારાથી યજ્ઞ કર્તાઓએ સાથે
મળીને ઉભા થઇ છેલ્લી આહુતિ આપવી.)
ઓ૩મ વસોઃ પવિત્રમસિ શતધારં વસોઃ પવિત્રમસિ સહસ્રધારમ્ ।
દેવસ્ત્વા સવિતા પુનાતુ વસોઃ પવિત્રેણ શતધારેણ સુપ્વા કામધુક્ષઃ ॥

શાંતિ પાઠ

ઓ૩મ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ ँ શાન્તિ:
પૃથિવી શાન્તિરાપઃ શાન્તિ રોષધયઃ શાન્તિઃ ।
વનસ્પતયઃ શાન્તિર્વિશ્વે દેવાઃ
શાન્તિર્બ્રહ્મ શાન્તિઃ સર્વં ँ શાન્તિઃ
શાન્તિરેવ શાન્તિઃ સા મા શાન્તિરેધિ ॥
ઓ૩મ શાન્તિઃ શાન્તિ શાન્તિઃ ॥

卐

— ભજન —

હે નાથ જગત નિયંતા, મહિમા અપાર તારો; ટેક૦
યોગી – પતિ બિચારા, થાકયા કરી વિચારો. ૧
બ્રહ્માંડ આ રચાયું, તારી મહા કળાથી;
આકાશ અમાપ કીધું, જેનો નહી કિનારો. ૨
લાખો ગ્રહો પ્રકાશે, તારા અતુલ બળથી;
તું છે રવિ-શશી ને, ગગને ઘુમાવનારો ૩
વાયુ સદા વહે છે, તારા અપાર ભયથી;
અગ્નિ તપી રહ્યો છે, તે પણ પ્રતાપ તારો ૪
તારી સહજ કૃતિથી, પૃથિવી પ્રચંડ પહાડો;
પ્રગટયા મહા સમુદ્રો, નદીઓ વહે હજારો. ૫
પંખી પશુ અને કંઇ, વૃક્ષો ફળો ને ફૂલથી;
શણગારિયા પ્રભુ તે, સૃષ્ટિ તણાં બજારો. ૬

Scanned with CamScanner

એવા અજબ જગતને, પેદા કરી તું પાળે;
અંતે અહો બને તું, સઘળું સંહારનારો. ૭
તારી અગાધ લીલા, શાણીએ જરા ન જાણી;
પણ તું સકળ જગતનાં, મનને કળી જનારો. ૮
તારી ગતિ સમજવા, તારું સુનામ ભજવા;
હે તાત ! દયા કરી દે, સુમતિ ને સુવિચારો. ૯
હે કૃપાનિધિ તારું, ભાવે ભજન કરીને;
પુષ્પો રણી "હરિ" હું, ભવને તરી જનારો. ૧૦

卐

— પ્રભુ ભજન —

રોમરોમમાં પ્રેમ ભરીને અહિં આવો સૌ નરનારી
કામ, ક્રોધ, મદ, લોભ, તજીને, ભાવે ભજીએ ગીરધારી—ટેક
ભજન વિના છે જીવન માથે, જન્મ મરણનો ભયભારી;
હરદમ ઓમનું નામ જપો તો, જમના જાશે જખમારી. ૧
કર્માધીન તું જન્મ ધરીને ભવસાગરમાં ભટકે છે;
ઇશ્વરનો આભાર તજીને, પર આશા પર લટકે છે. ૨
ભુતપ્રેતના ભકત બનીને ભોળા થઇ ભરમાશો નહી;
સદ્બુદ્ધિ ને સજાગ રાખી, સદાચાર ને તજશો નહિ. ૩
ઇશ્વરાધીન ફળને જાણી, કર્મ તારા તું કરતો જા;
દુઃખમાં પણ ધીરજ ધારીને નામ ઓમનું રટતો જા ૪

કુરીજનનો પણ દોષ ન જોશો, કહેશો નહી કડવી વાણી;
દુ:ખ દેશો નહી આ સંસારે, સૌને આત્મસ્વરૂપ જાણી ૫
નિજ સ્વરૂપના દર્શન કરવા, કર્મ ધર્મ ને લે જાણી;
'દાસ પ્રભુ' કહે ભજન વિના છે જીવન તારૂં ધુંળધાણી ૬

— આરતી —

ૐ જય જગદીશ હરે, પિતા જય જગદીશ હરે,
ભક્ત જનોંકે સંકટ, (૨) ક્ષણમેં દૂર કરે...ઓરૂમ (ટેક)
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનશે મનકા (પ્રભુ)
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા ઓં
માત પિતા તુમ મેરે, શરણ ગહું કિસ કી (પ્રભુ)
તુમ બિન ઔર ન કોઇ (૨) આશ કરું કિસકી...ઓં
તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી (પ્રભુ)
પરમબ્રહ્મ પરમેશ્વર. (૨) તુમ સબકે સ્વામી . ઓં
તુમ કરુણા કે સાગર, તુમ પાલન કર્તા (પ્રભુ)
મેં સેવક તુમ સ્વામી (૨) કૃપા કરે ભર્તા... ઓં
તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ (પ્રભુ)
કિસવિધ મિલું દયામય (૨) તુમકો મેં કુમતિ ઓં
દીનબંધુ દુઃખ હર્તા, સર્વ તુમ રક્ષક મેરે (પ્રભુ)
કરુણા કરત બઢાઓ (૨) દ્વાર પડા તેરે...ઓં
વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા (પ્રભુ)
શ્રદ્ધા ભક્તિ બઢાઓ (૨) સંતનકી સેવા...ઓં

॥ ओ३म् ॥

પ્રાર્થના

પોકાર્યું મેં પ્રેમથી ઓમ્ ઓમ્ શુભ નામ,
અંતર અજવાળા થયા સફલ થયા સહુ કામ,
જ્યાં જ્યાં મુજ દૃષ્ટિ પડે ત્યાં ત્યાં તું દેખાય.
વસ્યાં પ્રભુ! સર્વત્ર તું પામ્યે દુઃખ જાય,
મન મારા નિર્મલ બનો, તજી ક્રોધ ને કામ,
રહજે પરમપદ તો મળે રટું સદા તુજ નામ.
દયાસિન્ધુ કરૂણાનિધિ અણુ અણુમાં વાસ,
નસનાડી બંધન રહિત નિર્મળ શુદ્ધ પ્રકાશ,
જગાવો જ્યોતિ જ્ઞાનની રહુ સત્યમાં સ્થિર.

卐

જ્ઞાનદાતા

હે પ્રભો આનંદ દાતા જ્ઞાન હમકો દિજીયે,
શીઘ્ર સારે દુર્ગુણોંકો દૂર હમસે કીજિયે,
લીજિયે હમકો શરણમેં હમ સદાચારી બને,
બ્રહ્મચારી ધર્મરક્ષક વીર્યવ્રતધારી બને... હે પ્રભો.
પ્રેમસે હમ ગુરૂજનોંકી નિત્યહી સેવા કરે,
સત્ય બોલે જુઠ ત્યાગે મેલ આપસ મેં કરે,
નીંદા કિસીકી હમ કિસીસે ભૂલ કરભી ના કરે,
દિવ્ય જીવન હો હમારા તેરે યશ ગાયા કરે... હે પ્રભો.

卐

સત મેં ચિત લગાયો

શરણ પ્રભુજી આઓરે । યહી સમય હૈ પ્યારે ।
આઓ પ્રભુ ગુણ ગાઓરે । યહી સમય હૈ પ્યારે ॥
ઉદય હુઆ ઓંમ નામકા ભાનુ આઓ દર્શન પાઓરે ॥ ૧
અમૃત ઝરના ઝરતા પ્રસસે, પીકે અમર હો જાઓરે ॥ ૨
ઇર્ષા દ્વેષ કપટકો ત્યાગો, સતમેં ચિત લગાઓરે ॥ ૩
પ્રભુકી ભક્તિ વિના ન મુક્તિ, દઢ વિશ્વાસ જમાઓરે ॥ ૪
કરલે નામ પ્રભુકા સુમરન, અંતકો ન પછતાઓરે ॥ ૫
છોટે બડે સબ મિલકે ખુશીસે, ગુણ ઇશ્વરકે ગાઓરે ॥ ૬

卐

પ્રભાતની પ્રાર્થના

વિનંતી માહરી આજ પ્રભાતની, નાથ અંતર મહી આપ ધરજો,
આજની જીંદગી રાત સુતા લગી, ચિત્તડે ચરણની પ્રીત ભરજો. ૧
રહેવું સંસારમાં મનુષ્ય અવતારમાં, જલ અને કમલની જેમ રાખો
પાળુ મુજ ધર્મને કરૂં સૌ કર્મને, ફલતણી આશથી દૂર રાખો ૨
સુખી રહું સુખમાં સુખી રહું દુખમાં, સુખને દુઃખના ભેદ ટાળો,
પાંખમા રાખીને દુઃખડા કાપીને, જાણ અજાણના પાપ બાળો ૩
ન્હાઉં સત સંગમાં રાચું એ રંગમાં, અંગમાં ભક્તિના પુર ભરજો,
ઇચ્છું હું કલ્યાણ મિત્ર દુસ્મન તણું ઉચ નિચના ભેદ રાખે ૪
આંખ છે આંધળી તુજ શું ના લળી તે છતાં હે પ્રભુ લક્ષ લેજો,
દોડતા આવીને પુનિત સંભાળીને અંતના દર્શન આપ દેજો. ૫

Scanned with CamScanner

સુતા વખતની પ્રાર્થના

સુતા આજની રાત નાથ સોંપી,
કાયા પ્રભુ ચરણમાં ૧
સોંપું હું મન ઇન્દ્રિયો શરીરની,
તારા પ્રભુ ચરણમાં ૨
કીધા જાણ્યે અજાણ્યમાં કર્મ દિનના,
માફ પ્રભુ આપજો ૩
નિંદ્રામાં પુનિત નાથ સ્વપ્ને,
ઝાંખી પ્રભુની આપજો ૪

卐

સાચો જીવનસાર

કરજો મનડાંમાં વિચાર જીવન જીવવા જેવું છે,
થાતી અનેક જીતને હાર-જીવન જીવવા જેવું છે.
મળ્યું મનુષ્ય કેરૂં તન કરવું પ્રભુ તણું ભજન,
એ છે સાચો જીવન સાર જીવન .....
ખુલ્યું છે ભક્તિતણું મેદાન મૂકી થઈ જાવું ગુલતાન,
લઈ ને પ્રભુ શરણ આધાર જીવન .....
સંત કૃપાની વૃષ્ટિ થાશે ભગવાન નામનું બી વવાશે.
ખેતર ખેડેલું તૈયાર જીવન ...
આજે વાવ્યું આગળ લણજો પ્રભુ કૃપાનું ગાડું ભરજો,
પુનિત અખુટ ભંડાર જીવન.....

Scanned with CamScanner

ભ જ ન

(રાગ — દેખ તેરે સંસારકી હાલત)

ધર્મ પાળવા માટે લોકો ખૂબ બને ખરચાળ.
સમજી શકે ન તેનો સાર (૨)
ઠંડા જળથી ખુબ ખુબ નહાતા અડતા કોઈને અભડાતા,
વારેવારે નહાય છતાં પણ અંતર નહિ ઉજીયાસ-સમજી શકે...
કથા સાંભળવા નિત નિત જાતા,
સ્વભાવ તેના નહિ બદલાતા,
સાંભળવામાં ખૂબ ખૂબ શૂરા વર્તનમાં ન લગાર-સમજી...
માળા લઈને બેસે કરમાં ધ્યાન તેમનુ ફરતું જગમાં,
વાતવાતમાં ક્રોધ કરીને કરતાં મારંમાર-સમજી...
હરદ્વાર ને મથુરા જાતા,
વિધિ સહિત ગંગામાં નહાતા;
ફરી ફરીને થાકે છે તો એ છોડે ના અહંકાર-સમજી...
મંદિરમાં એ નિત નિત જાવે,
નીચા નમીને શીશ નમાવે;
કોઈને છેતરવા માટે. બની જતા હુશીયાર-સમજી...
ખરૂં બતાવે કોણ જ એને, મળે સંત જો જ્ઞાની તેને,
વર્તન વિના દાસ કદી એ ન પહોંચે. ભવપાર-સમજી...

Scanned with CamScanner

ભજન

કેવી કુદરતની આ કારીગરી જો ને આંખથી,
તેમાં બુદ્ધિ કોઈની પહોંચે નહીં, જોને આંખથી... ૧

જગ ઉત્પન્ન થયું કેવી રીતે પાર ન પામે તેનો કોઈ રે,
બીજ પહેલું કે વૃક્ષ કે પહેલું વિચાર મનની પાંખથી... ૨

સૂર્ય ચંદ્ર પણ સમયે ચાલે, ઋતુઓ પણ સમયે બદલાયે,
આકાશે સાગરના દેખ્યો, વરસે મુશળધારથી... ૩

મચ્છર ડંખને પોલા કર્યા છે,
કીડીના અંતર કેવા ઘડયા છે;
મોરના ઈન્ડે રંગ પુર્યા છે કહો ને કેવા હાથથી ૪

કુદરતની આ માયાજાળે મુંઝાયે મુની મન અપારરે,
નેતિ નેતિ કહીને થાકયા વેદો ના વિદ્યાર્થી... ૫

મન બુદ્ધિ ને વાણીથી પર,
તત્વ અગમ કહેવાય અગોચર;
સમજાય શી રીતે શ્યામ થાકયો બહુ વિચારથી... ૬

Scanned with CamScanner

ભ જ ન

આદરેલ તારું અધવચ રહેશે, પ્રભુ કરે તે થવાનું;
ધારેલું મનમાં જે કાંઈ, મનમાં રહી જવાનું... ૧
પલમાં હસાવે પલમાં રડાવે, પલમાં બાજી પલટાયે;
રાય રંકને રંકને રાજા. જીવન તેમ ઝોલા ખાયે;
છે દોરી સૌની તેના હાથમાં. તેનું ધાર્યું થવાનું... ૨
આશા મિનારે માનવ રાચે, પણ ટોચે નવ પહોંચાયે;
આશાનો મિનારો તુટતાં, નિરાશા જ છવાઇ જાયે;
છતાં યે માનવ નથી સમજતો આશાએ ભરમાવાનું ૩
ખેલ ખેલાવે જબરો ખેલાડી પણ એ નજરે નહિ ચઢતો;
બાજી સૌ બાજીગર હાથે નિમિત્ત બીજાને કરતો;
રસિક શ્યામ શરણ ગ્રહે તો જરા દુઃખ નહિ થવાનું... ૪

卐

ધર્મ પ્રચાર

ગીત

સકલ જગત કો આર્ય બનાવો કર કે ધર્મ પ્રચાર ।
આર્ય પુરૂષ હો આર્ય હો નારી આર્ય સકલ પરિવાર ॥
સત્ય ગ્રહણ મે તત્પર હોવે છોડ અસત્ય વિચાર ।
એક પ્રભુ કા કરે સબ સુમરન તજ કે સબ આધાર ॥
પ્રેમ-સુધામેં સ્નાન કરકે સબ તજ કે ભેદ વિચાર ।
ઇશીમેં સુખ હૈ, ઇંસીમેં શાન્તિ, ઇંસીમેં સુખ કા સાર ॥

Scanned with CamScanner

અછૂતો ઉદ્ધાર

ગીત - ૧

અછૂતો સેં યહાં તક આપ ક્યોં નફરત દિખાતે હૈં,
ગજબ હૈ કીમતી રત્નો કો મિટ્ટીમેં મિલાતે હૈં;
બનાયા હૈ તુરકોં ભી ઔર હિન્દૂ ભી એક ઈશ્વરને,
યહ સિક્કે એક હી ટંકસાલ સે બનકર કે આતે હૈં;
હુઆ ક્યા ગર હુએ નિર્ધન મગર આખિર તો ભાઈ હૈં,
પિતા હૈ એક હી સંતાન હમ જિસકી કહાતે હૈં;
યહ માં-જાએ હૈં બંધુ ઔર બડા મીઠા યહ રિશ્તા હૈ;
ભારી પાપ કરતે હૈં જો જાતિ સે ગિરતે હૈં;
યહ ખુદ મિલતે હૈં તુમસે પર મિલાતે તુમ નહીં ઈનકો,
હૈં ઐસે ભી બસર માં પર જો રૂઠો કો મનાતે હૈ.

卐

ગીત - ૨

બીછડો કો ગલે લગાલો
ભાઈ બિછડોં કો છાતી સે લગા લેનાજી,
હમ જાતે હૈં ઉનકો બચાલેનાજી... ભાઈ

કિતને ભારત કે લાલ ઈસાઈ બને,
કિતને ગૌઓં કે રક્ષક કસાઈ બને;
ઉન્હેં ફિરસે તુમ આર્ય બના લેનાજી... ડુએ
યે હમારે હૈં ધર્મ કે થે ભાઈ કભી,
બને ફિરત હૈં દુશ્મન આજ સભી;
રૂઠે ભાઈઓં કો ફિરસે મના લેનાજી.. ડુએ
ફિરસે વૈદિક ધર્મ પર લાઓ ઈન્હેં.
ઔર મનસે શુદ્ધ કરાઓ ઈન્હેં;
તુમ ગૌઓં કી જાન બચા લેનાજી.. ડુએ
કોઈ દૈરા-હરમ મેં ભટકતા ફિરે,
કોઈ કબરા પૈં સર કો પટકા ફિરે;
ઈન્હેં ઓમકા ચેલા બના લેનાજી... ડુએ
શુદ્ધિ કે કાર્ય મે કુછ તમ મદદ કરો,
દાન દિલસે જરૂરત મંદોંકો કો દો;
શુભ કાર્ય મેં હાથ બટા દેનાજી... ડુએ
હેતા ઘર-ઘર દુહાઈ મુસાફિર ફિરે,
જો હૈં ગલતી સે અપને ધર્મસે ફિરે;
ઐસે ભૂલો કો રાસ્તા દિખા દેનાજી.. ડુએ

ઋષિના ઉપકાર

(રાગ – પગ મને ધોવા દો રઘુરાય)

સ્વામીના અનહદ ઉપકારજી,
અનહદ ઉપકાર, ગણતાં તેનો આવે ના પાર.
વેદતણું જ્ઞાનજ આપ્યું કરીને ઓમ ઉચારજી;
મતને પંથની જાળ જુઠી છે કીધુ કરીને પડકાર... ૧

વેદ વાણીથી માનવ સૌનો નક્કી છે ભાઈ ઉધારજી;
શુદ્રો તેમજ સ્ત્રી જાતીને આપ્યો છે એ અધિકાર... ૨

ભોળાને લુટવા પાપી જનો સૌ કરે ઉપાય અપારજી;
મુક્ત કર્યા છે ઋષિએ અમને કરીને જ્ઞાન પ્રચાર... ૩

છુતાછુતનુ ભૂત ભગાવ્યું, આપ્યા છે નવ વિચારજી;
ઋષિ દયાનંદ દયાના સ્વામી, કરૂં વંદના વારંવાર... ૪

卐

સાચું દીધું છે સુઝાડી

(રાગ — જુના ધરમ ક્યો જાણી)

સાચું દીધું છે સુઝાડી જોગાડાએ,
સાચુ દીધું છે સુઝાડી રે ...હે .. જી.

સ્વાર્થી જનોએ, દેવ દેવાની,
મૂર્તિઓ દીધી બેસાડી રે ...હે... જી.
લુંટી ખાતા એ લોકોને કાયમ (૨)
આલમ આખ તો ડુબાડી.. ૧

કદન વિરે તો, હિંસાઓ ગાળી,
હતા ગુરૂઓ અનાડી રે ...હે... જી.
ભમાવ્યા અમને એ મારગથી (૨)
ખાતાથા અમને દાડી રે.. ૨

પોતે પ્રભુ છે, એમ મનાવી,
સુસતા રાત ને દાડી રે .. હે... જી.
સ્ત્રીના શીયળને, લુંટતા તેઓ (૨)
ન્યાય નીતિ ને છોડી... ૩

સરલ સીધી સડક બાંધી,
તોડી ને ઝાંખરાને ઝાડી રે ...હે.. જી.
અજ્ઞાન પડળ, ઉતાર્યા આંખથી (૨)
જ્ઞાન જ્યોત દેખાડી.. ૪

પ્રકાશ પામ્યો, જીવન માંહી,
અજ્ઞાનને દીધું ભગાડી રે ...હે... જી.
દયાનંદે તો દયા કરી બહુ (૨)
વેદની લગની લગાડી... ૫

卐

Scanned with CamScanner

(ગઝલ – કવાલી)

આજ સુધી સંત સંગત મેં—

મિલકે હરિ કે ગુણગાન કરો ॥ ટેક ॥

કલિ મેં ઓમ નામ સમાન બડો કોઈ

ઓર ઉપાય નહી જગમેં ।

સબ પાપ નિવારણ કારણ હૈ

ભવતારણ હૈ મનમે સુમરો ॥ ૧ ॥

બિન સંત સમાગમ જ્ઞાન નહી,

બીન જ્ઞાન ન મોક્ષ મિલે કબહી ।

કરલે તપ તીરથ દાનધને,

રહુ ધામ ન બીચ ભલે બિચારો ॥ ૨ ॥

વિશ્વ ચરાચરમેં પરિપૂરણ

ચેતન અજ સ્વરૂપ સદા ।

ઘટ ભીતર જાન પિછાન ન સહી,

મન બીચ નિરંતર ધ્યાન ધરો ॥ ૩ ॥

સબ સંશય દૂર કરાવત હૈ

નિજ રૂપ લખાવત હૈ તનમેં ।

બ્રહ્માનંદ સુનો ગુરૂ જ્ઞાન સદા,

ભવસાગર પાર દુસ્તર કરો ॥ ૪ ॥

卐

(ગઝલ - કવાલી)

પુરન પ્રેમ લગા દિલ મેં જબ નેમકા બંધન છુટ ગયા ॥ટેક॥
કોઇ પંડિત લોક બતાવત હે સમજાવત હે જગ રીતનકો ।
જબ પ્રિતમમે દ્રઢ પ્રીત ભઇ સબ રીતકા બંધન તુટ ગયા ॥૧॥
કોઇ તીરથ પસંન જાવત હે કોઈ મંદિરમે નિત દર્શન કો ।
ઘટ ભીતર દેવ દિદાર હુયા તબ બાહિરસે મન રૂટ ગયા ॥૨॥
કોઇ જીવ કહે કોઇ ઇશ કહે કોઇ ગાવત બ્રહ્મ નિરંજન કો ।
અંદર બાહિર એક, એક હુયા સબ દ્વૈત કા પડદા ફુટ ગયા ॥૩॥
સોઇ એક અનેક સ્વરૂપ બના પરિપૂરણ હૈ જલમેં થલમેં ।
બ્રહ્માનંદ કહે ગુરૂ દેવ દયા ભવસાગરકા ભય ઉઠ ગયા ॥૪॥

卐

ભજન

ભજ લે ઓંકાર રે મન મૂર્ખ અનારી
ચાર દિનકે જીવન ખાતિર કૈસા જાલ પસારી ।
કોઈ ન જીવિત સંગ તુમ્હારે માત પિતા સુત નારી ॥
પાપ કપટ સેં સંચિત ધન કર મૂર્ખ મૌત બિસારી ।
બ્રહ્માનંદ જન્મ પદ દુર્લભ દેત વૃથા કિમડારો ॥

卐

નથી પથ્થરમાં દેવ

રાગ-મારા ભક્તોનો સાથ મીઠો મધુરો લાગે છે.

નથી પથ્થરમાં દેવ વસે હૃદયની ભાવનામાં,
સર્વાં ભાવ ઉપચાર સૌ વ્યર્થ જતા.
જોવું પડે હૃદયના ભાવનામાં (૨) નથી પથ્થરમાં દેવ
ભાવ પ્રમાણે ભગવાન મળે છે
ધરો કલ્યાણ એવું માનવામાં (૨) નથી પથ્થરમાં દેવ
એ તો અંતર્યામી છે સૌ દિલનો
એને ભાવે બધું યે જાણવામાં (૨) નથી પથ્થરમાં દેવ
મળે સાચો સહારો જીવનમાં
એના પુનિત ચરણે બેસવામાં (૨) નથી પથ્થરમાં દેવ

— પુનિત મહારાજ

卐

મનને થાઉં મનગમતો

નથી હું તો પથ્થરનો બનાવી દીધો — સૌએ
રહેવાથી હું તો ઘરઘરનો ફરાવી દીધો — સૌએ (૧)
જોયો જેવો એવો બનતો
ગમે મનને થાઉં મન ગમતો
વિચારી દીધો સૌએ ! (૨)

ભાવે રાખે તો ભાવનો ભોગી
યોગ સાધે તો થઈ જાઉં યોગી
મિટાવી દીધો — સૌએ
પુનિત પ્રેમીનો હું પ્રેમી વહેમી હૃદયમાં બનતો વહેમી
હટાવી દીધો — સૌએ

卐

સન્નારીનું સંત જીવન

રાગ-જુબાને જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
અમારી આર્ય સન્નારી ખરૂં એ સંત જીવન છે—ટેક
દુઃખોમાં એ નિત્ય હસનારી ખરૂં એ સંત જીવન છે—૧
કદાપી આગ જો વરસે બધી એ આગ સંઘરશે,
શીતળ શાંતિ ને ધરનારી ખરૂં એ સંત જીવન છે—૨
કટુવાણી કદી સુણતી મધુંરાં પુષ્પ એ ગણતી,
સદા નિર્માણ રહેનારી એ ખરૂ સંત જીવન છે—૩
ખરેખર એ છે ચંદન પુનિતના લાખો વંદન,
સુગંધી રોજ એ દેનારી ખરૂં એ સંત જીવન છે—૪

卐

જીવન નૈયાના નાવિક

(રાગ-મારી શેરીમાં પેસો કાનુડો આવે)

સંતોના સરણાં અમીનાં ઝરણાં મડદા બેઠાં કરશે રે
અધમનો ઉદ્ધાર જ થાશે પુનિત પાવન બનશે રે...૧

Scanned with CamScanner

ગંગાનો ધોધ જ્યાં વહી રહ્યો છે ત્યાં ગટરનું પાણી ભરશે રે
ગંગાનો સંગમ થાતાની સંગે દુર્ગંધ એની ટળશે રે... ૨
હવાની સંગે નાનું તણખલું ઉંચે ઉંચે ચડશે રે
સંતોના સંગમાં નીચા મનુષ્યો ઊંચા ગતી પરવરેશે રે... ૩
જીવન નૈયાના નાવિક જ્યારે પુનિત સંતો બનશે રે
સંત સંગ કેરે એક હલેશે ભવ સાગરને તરશે રે... ૪

卐

તારા દીલે ધબકારા વાગતા

તારા ઘટમાં બેસીને બોલે કોણ : એનો કરને વિચાર
તારી કયાની સાથે ડોલે કોણ (એનો)
જેના પ્રભાવે તું બોલતો ને ચાલતો
મસ્તાનો બની આખા જગમાં તું મહાલતો
તારા તનમાં ઝબુકે છે કોણ ? (એનો)
સંભળાયે કાનથી ને દેખાયે આંખથી
દોડવાની દોડ તારી આવે છે કયાંયથી
તારી જીભે સ્વાદ કરે કોણ (એનો)
દડદડ તું દોડતો ને હાથ તારા હાલતા
ઊંઘે છે ત્યારે દીલે ધબકારા વાગતા (એનો)
શ્યામ તંત્ર ચલાવે બધું કોણ ?

卐

आर्यवीर दल मुम्बई

કવાલી

કર્મ સૌ કરતાં રહી આસક્તિને છોડો સહુ;
તમે તમારી ફરજ બજાવો ફળ પ્રભુના હાથમાં સહુ.
હું કરું અભિમાન છોડો કરનાર તો બીજો રહ્યો;
તે નચાવે નાચ સૌને દોરી તેના હાથ સહુ.
પુતળા નાચે ખૂબ જેમ કઠ પુતળીના ખેલમાં;
નચાવનારાના બધું જીવન તેના હાથમાં સહુ
સારું ખોટું જે બને અર્પણ કરો સૌ શ્યામને;
પુનિત મૂકે માગ ચહું તો કર્તાપણાનો દોષ નહીં.

卐

ભવસાગર તરવાની નાવડી

(રાગ-નાથ છે જૂની નાની)

શોધ્યું રે જડી આ કાયા શોધ્યું રે જડી,
શોધ્યા શોધ્યા થાક્યો તો એ જડી ના જડી,
હાડ અને માંસ કેરા ઘેલા છે ભાઈ રે,
મળ અને મૂત્ર તેમાં દીધા છે ભરી. (શોધ્યા)
કુંભાર કરે છે તેમાં ચારણી ભરેલી છે,
નાવડી ઉપર કેવી સુંદર છે જડી ? (શોધ્યા)
ખોળનારો એમાં બેઠો ખાંખત એની ત્યાં સુધી છે,
ખોળનારો જાવે કાયા રાખ થઈ તે પડી. (શોધ્યા)

ॐ

ઓંમકાર પંચાવની પ્રણવજાપ

નમ્ર પ્રાર્થના

ધર્મપ્રેમી ભાઈઓ અને બ્હેનો

આપણા સત્ય સનાતન વૈદિક (હિન્દુ ધર્મના) ધર્મના તમામ શાસ્ત્રોમાં વેદ ઉપનિષદ ગીતા અને પુરાણોમાં ઓંમ (ૐ) નો મહિમા ઘણો જ વર્ણવવામાં આવ્યો છે.

આ નાનકડી પુસ્તિકા પ્રગટ કરવાનો હેતુ સવારમાં નિત્ય કાર્યમાંથી પરવારી શાંત ચિતે આ ઓંમકાર પંચાવનીનો પાઠ કરવાથી મનને શાંતિ મળે છે અને તમામ મનો કામના પુરી થાય છે.

નાનાથી માંડીને મોટાઓ તમામ જો ઓંમકાર પંચાવનીનો નિત્ય પાઠ કરશો તો આ લોક અને પર લોકના તમામ સુખ પ્રાપ્ત થશે એટલું નહિ પણ શારીરિક સુખ માનસિક શાંન્તિ અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની શક્તિ પ્રાપ્ત થશે.

આ પુસ્તિકાનુ મુલ્ય નિત્ય પાઠ કરો અને માનસિક શાંન્તિ મેળવી સુખી થાવ એજ વિનંતી.

લી. જનસેવા અભિલાષી :

ગુલામદાસ સી. પ્રવાસી

સં. ૨૦૩૩ ના વૈશાખ સુદ (૩) અખાત્રીજ તા. ૨૧-૪-૧૯૭૭

ॐ

ઓંકાર સ્તોત્ર

卐 卐

ઓંમ નામ ભગવાન કા, સર્વાનન્દ વિધાન ।
સબ નામોં મે શ્રેષ્ઠ હૈ, કરતે વેદ બખાન ॥
ઓંમ નામ કી આજ મૈં મહિમા મંગલ મૂલ ।
બહુ વિધિ સે વર્ણન કરું, વેદોં કે અનુકૂલ ॥
ઓ૩મ નામ જો બ્રહ્મ હૈ, વહ હૈ કેવલ એક ।
વેદ વિમુખ અલ્પજ્ઞ જન, પૂજે બ્રહ્મ અનેક ॥
ઓંમ બ્રહ્મ, વિષ્ણું, વહી, રુદ્ર વહી શુભ કામ ।
ઈન્દ્ર, અગ્નિ, વસુ વરૂણ, અજ, ઉસી બ્રહ્મ કે નામ ॥
ઓંમ વાયુ, અપ, અયમા, ગણપતિ શેષ કુબેર ।
શિવ શંકર જો નિત સુને, દીન દુઃખી કી ટેર ॥
ઓંમ વિશ્વ, મનુ, કવિ, સભી હૈં ઉસકે નામ ।
જીનકે સુમિરન માત્ર સે, મિલતે સબ સુખ ધામ ॥
ઓંમ સૂર્ય હૈ ચન્દ્ર હૈ. ઓંમ ભૂમિ આકાશ ।
બુધ શુક્ર મંડલ વહી, જો તમ કરે વિનાશ ॥
ઓંમ રાહુ, ગુરૂ ભી વહી, વહી શનૈશ્ચર કેતુ ।
યે સબ ઉસકે રૂપ હૈં જગ રક્ષા કે હેતુ ॥
ઓંમ પ્રાણ અમૃત પ્રરુપ, દિવ્ય હિરુકમ અન્ન ।
નારાયણ નરદેવ હૈ, પરમ શક્તિ સમ્પન્ન ॥

ઓંમ પ્રાણ સવિતા સત્રજ્ઞ, તૈજસ સોમ વિરાટ ।
પરમેશ્વર અક્ષર વહી, જીસકા અદ્‌ભૂત ઠાટ ॥ ૧૦
ઓંમ વિધાતા જગત કા, ઓંમ વિશ્વ કા કાલ ।
યજ્ઞ વહી હોતા વહી વહી સુરેશ વિશાલ ॥ ૧૧
ઓંમ પ્રેમ કા પુંજ હૈ, પ્રિયતમ કા શુભ નામ ।
જો ભક્તોં કે હૃદય મેં, કરતા હૈ વિશ્રામ ॥ ૧૨
ઓંમ પિતા માતા સખા, બન્ધુ સ્નેહ કા સ્રોત ।
ઓંમ જ્ઞાન ભંડાર હૈ, સદા જાગતી જોત ॥ ૧૩
ઓંમ આદિ આચાર્ય હૈ, જીસને વૈદિક જ્ઞાન ।
આદિ સૃષ્ટિ મે જગત કો, વિધિવત્ કિયા પ્રદાન ॥ ૧૪
ઓંમ બ્રહ્મ કા પર અપર, નિર્ગુણ સગુણ સ્વરૂપ ।
આપ બતાયા બ્રહ્મ ને આપના રૂપ અનૂપ ॥ ૧૫
ઓંમ સચ્ચિદાનંદ હૈ, નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત ।
અવિનાશી અખિલેશ હૈ, ન્યાય દયા સે યુક્ત ॥ ૧૬
ઓંમ અજર હૈ અમર હૈ, ઉસકા આદિ ન અન્ત ।
નિરાકાર નિર્લેપ હૈ, સર્વેશ્વર ભગવન્ત ॥ ૧૭
ઓંમ જન્મ લેતા નહીં, અહો આર્ય મતિધાર ।
વહ વ્યાપક હૈ વિશ્વ મે, ઉસકા વિશ્વ શરીર ॥ ૧૮
ઓંમ સર્વ આધાર હૈ, સર્વ શક્તિ ભંડાર ।
વહ પવિત્ર નિર્દોષ હૈ, ઉસમેં નહીં વિકાર ॥ ૧૯

Scanned with CamScanner

ઓંમ સર્વ સુખ મૂલ હૈ, નેતા જ્ઞાન સ્વરૂપ ।
અન્તર્યામી તેજમય, અદ્ભુત અગમ અનૂપ ।। ૨૦
ઓંમ જગત કા રચયિતા, સબકા પાલન હાર ।
ઉસકી મહિમા અકથ હૈ, ઉસકી શક્ત અપાર ।। ૨૧
ઓંમ આંખ કી આંખ હૈ, ઓંમ કાન કા કાન ।
ઓંમ જીવ કા જીવ હૈ, ઓંમ પ્રાણ કા પ્રાણ ।। ૨૨
ઓંમ આપ તો એક હૈ, ઉસકે નામ અનેક ।
વહ રહસ્ય જાને વહી, જિસકા વિમલ વિવેક ।। ૨૩
ઓંમ સૂર્ય કા તેજ હૈ, ઓંમ અગ્નિ કા તાપ ।
વહ સબકા અનુરૂપ હૈ, પર અનૂપ હૈ આપ ।। ૨૪
ઓંમ પુંજ હૈ તેજ કા, દીખે ઔર ન છોર ।
તારામંડલ ઇસી સે, જગમગાવે ચહુ ઓર ।। ૨૫
ઓંમ વેદ કા વિષય હૈ, ગીતા કા શુભ જ્ઞાન ।
ઉપનિષદોં મેં ઇસી કી, મહિમા હુઇ બખાન ।। ૨૬
ઓંમ અમલ હૈ વિમલ હૈ, નિર્મલ ઔર અમૂલ ।
ઓંમ રૂપ રસ ગન્ધ હૈ, ઉસકી માયા ફૂલ ।। ૨૭
ઓંમ ફૂલ કી મહક હૈ ફૂલકી કી મધુ મિઠાસ ।
પ્રિયતા કા આનંદ હૈ નિત પ્રેમી કે પાસ ।। ૨૮
ઓંમ કર્મ બિન કર કરે, બિના પાવગતિ વાન ।
સબ કો દેખે ચક્ષુ બિન, સુને સદા બિન કાન ।। ૨૯

Scanned with CamScanner

ઓંમ વ્યાપ્ત હૈ વિશ્વ મેં, રમા હુઆ અભિરામ ।
ઇસીલિએ સાધન બિના, કરતા હૈ સબ કામ ॥ ૩૦
ઓંમ સત્ય સંકલ્પ હૈ, ભવનોં કા કરતાર ।
ઉસકી ઇચ્છા માત્ર સે પ્રગટ હુઆ સંસાર ॥ ૩૧
ઓંમ શકિત કી શકિત હૈ, સર્વ શકિત સર્વેશ ।
કર્મ બિન હોતા નહીં, બિન ઉસકે આદેશ ॥ ૩૨
ઓંમ બિના હોતા નહિ, યોગ બ્રહ્મ કે સાથ ।
રિધ્ધી સિધ્ધિ નવ સિધ્ધિ હૈ, સભી ઓંમ કે સાથ ॥ ૩૩
ઓંમ વિશ્વ કા વિશ્વ હૈ ઓંમ શ્વાસ કા શ્વાસ ।
પ્રકટિત હૈ ચારોં તરફ ઉસકા વિમલ વિકાસ ॥ ૩૪
ઓંમ ઇધરભી ઉધરભી અતિ સમીપ અતિ દૂર ।
સબ ઉસસે ભરપૂર હૈ, વહ સબ સે ભરપૂર ॥ ૩૫
ઓંમ બ્રહ્મ વ્યાપકતા કિસ વિધ કરું અલાપ ।
જૈસે મકખન દૂધ મેં ત્યોં જગ પ્રભુ આપ ॥ ૩૬
ઓંમ સ્વયમ્ભુ આપ હૈ, સર્વ ધનોં કા કોષ ।
જો ઉસસે વંચિત રહે ઉસકો કબ સન્તોષ ॥ ૩૭
ઓંમ મહત સે મહત હૈ ઉસસે કૌન મહાન ।
બલશાલી બસ એક હૈ ઔર નહીં બલવાન ॥ ૩૮
ઓંમ દેશ કી જાન હૈ ઓ૩મ રાષ્ટ્ર કા પ્રાણ ।
સુખ કી મૂલ સ્વતંત્રતા દેતે હૈ ભગવાન ॥ ૩૯

Scanned with CamScanner

ઓંમ ઘડી મેં કર સકે રાજાઓં કો રંક ।
કૌન ભૂપ જીસ પર નહિં હૈ ઉસકા આતંક ॥ ૪૦
ઓંમ વિરાજે એકસા જડ ચેતન કે બીચ ।
ઉસકે હિત કોઈ નહીં યહાં ઊંચ યા નીચ ॥ ૪૧
ઓંમ પતિત પાવન ઉસે કૈસા છૂત અછૂત ।
ઉસે કભી આતી નહીં વહ દૂષિત કરતૂત ॥ ૪૨
ઓંમ કભી મિલતા નહીં દેવાલય કે પાસ ।
ઉસકા રહતા હૈ સદા દુખિયોં કે ઘર વાસ ॥ ૪૩
ઓંમ નિરન્તર રહેગા દીન દુખી કા મીત ।
ઉસકો રહતી હૈ સદા પીડિત જન સે પ્રીત ॥ ૪૪
ઓંમ અલખ પાખંડ સે રહે દમ્ભ સે દૂર ।
સરલ હૃદય કો વહ સદા કરતા ભરપૂર ॥ ૪૫
ઓંમ પ્રેમ કા ભક્ત હૈ પ્રેમી પર અનુરક્ત ।
ઉસકે દર્શન પ્રેમસે પા લેતે હૈં ભક્ત ॥ ૪૬
ઓંમ ઉપાસક થે સભી ભારત કે નર નાર ।
રામ ઔર ઘનશ્યામ થે જગ કે તારન હાર ॥ ૪૭
ઓંમ ઉપાસક થે સભી ઋષિ મુનિ ઔર સન્ત ।
પીર પૈગમ્બર ઔલિયા જ્ઞાની વિદ્યા વન્ત ॥ ૪૮
ઓંમ ઉપાસક થે સભી ભૂમિ પાલ મતિ ધીર ।
ઓંમ ઉપાસક થે સભી યોધ્ધા રણ કે વીર ॥ ૪૯

ૐ

ઓંમ ઉપાસક હૈં સભી જીનકા ઉજ્જવલ જ્ઞાન ।
ઓંમ ઉપાસક હૈ સભી બુધ્ધિશીલ મતિ માન ॥ ૫૦
ઓંમ નામ પચપન સુમન સુખદ સુહાવન ફૂલ ।
મૈંને અર્પિત કર દિએ જગ હિત મંગલ મૂલ ॥ ૫૧
ઓંમ કુસુમ કી પહન કે શુદ્ધિ સુસોભિત માલ ।
આર્યવીર પ્રચરિત કરે વૈદિક ધર્મ વિશાલ ॥ ૫૨
ઓંમ ઓંમ જપતે રહેં તનમન કી સુધ ખોય ।
પ્રેમ કરે જો ઓંમ સે ઓંમ ઉસીકા હોય ॥ ૫૩
ઓંમ દયા કે સિન્ધું, કર દેંગે ઉધ્ધાર ।
આપ અમર હો જાયેંગે વેદોં કે અનુસાર ॥ ૫૪
ઓંમ રુપ પુષ્પાવલિ, હૈ જીસકા ઉપહાર ।
ઉસ કવિ કા ભી કરેં, પ્રિયતમ બેડા પાર ॥ ૫૫

ૐ

તમારોજ આશ્રય

(ભુજંગી છંદ)

પ્રભુ પ્રાણના પ્રાણ સર્વેશ સ્વામી, નમું દેવના દેવ ધામી અકામી;
દયાળુ કરો સુખ દુઃખો વિદારો, મને હે પ્રભુ ! આશરો છે તમારો,
પ્રભુ આપજો ચિત કલ્યાણકારી, વળી ટાળજો નાથ બુદ્ધિ નઠારી;
ન લાગે કદિ સંગ ચિત્ત, નઠારો, મને હે પ્રભુ ! આશરો છે તમારો.
ટળે કામને ક્રોધ જે લોભ આદિ, મટે ગાઢ અજ્ઞાન જે છે અનાદિ;
મટે અંતરેથી બુરા સૌ વિચારો, મને હે પ્રભુ ! આશરો છે તમારો.

Scanned with CamScanner

અભિલાષા

ઓ ઈશ્વર વિનંતી કરૂં, સાંભળ કૃપાનિધ,
સજ્જન સંગ સુખ આપજો, દયા નમ્રતા;
દિલમાં દયા ઉદારતા મનમાં પ્રેમ અપાર,
હૃદયે ધીરજ વીરતા, ભરજો મમ કિરતાર;
પાપ માર્ગથી વાળજો, હે ! દીન દયાળ,
તુજ ચરણે સદા રહી, અંતે બનું નિહાલ;
મને ભરોસો નામનો, મને સદા જગદીશ,
આશા તારા ધામની, બની રહે હર્નિશ;
ઓ ઈશ તારી ભક્તિથી, મન રહે ભરપૂર,
રાગદ્વેષથી ચિત્તમમ, કોસો ભાગે દૂર;
નારાયણ તો આપ છો, પાપમોચનહાર,
ક્ષમાકરી અપરાધ મુજ, કરો ભવજળપાર;
વિદ્યા બુદ્ધિ તેજબળ, સૌના દિલમાં હોય,
હિત પૂત ધન ધાન્યથી વંચિત રહે ન કોય;
સુખી રહે સંસારને, દુખિયો રહે ન કોઈ;
એજ અભિલાષા અમતણી, હે ઈશ પૂરી હોઈ.

Scanned with CamScanner

ઊંચ નીચ કેરા ભેદ

(રાગ : હરિ રસ ભાવ્યા રે હો મીઠો)

જીવન જીવજે રે હો એવું દીપકની જ્યોતિ જેવું;
જાતે બળીને અજવાળું આપે ઉંચ નીચ કેરા ભેદ ન રાખે.
મારૂં તારૂં છે નહી કોઇ, ઉપદેશ એનો સમજજે ભાઇ;
ઉંચે ઉંચે રહે ઝગમગતી, એવી થવા એ સૌને કહેતી,
શ્યામ જીવન સૌ જીવજે એવું, પુનિત પ્રતાપે સાચું કહેવું

દયાળુ પરમેશ્વર

(રાગ : આનંદ મંગળ કરોને આરતી)

આનંદ ઉપકારો ઇશ્વરના, પાર શકાય ના પામી; ૨૬૦
સત્ ચિત્ આનંદ રૂપપ્રભુનું સકલ વિશ્વના સ્વામી.
નદી સરોવર સાગર સર્જ્યાં વરસાવે અમી વારી;
પશુ પંખીને, માનવ કીધા, લીલા બહુ વિસ્તાર
રચ્યું વિશ્વ આ અનુપમ સુંદર, જરા ન એમાં ખામી;
અનંત અજન્મા નાથ અમારો, દયાળુ અંતર યામી
આકાશે તે જ્યોતિ જગાવી, રવિ શશિ રહ્યા છે પ્રકાશી;
અગણ્ય તારા નભ મંડળમાં, જુઓ રહ્યા છે ભાસી.
ખંડ બ્રહ્માંડની રચના કીધી, કૃપા અગણિત તમારી;
વાયુ પૃથ્વી અગ્નિ સર્જ્યાં અપૂર્વ પ્રભુ ઉપકારી
માનવ પરતો કરી દયા બહુ, આપ્યા બુદ્ધિ વાણી;
સમજે શાને માનવ 'જીવન'' તે જાય તને ઓળખ જાણી

કોઈનું કોઈ

કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે
નાહકના મરે મથી મથી રે, – કોઈ કોઈનું.
મનથી માને લોકો છે બધા મારા,
માની લે જીવડા ના તારા કે મારા;
સ્વારથ વિના કોઈ પ્રીત કરતુ નથી રે – કોઈ ..
અમારો દિકરોને આ મારો બાપ છે,
અમારી ઘરવાળી આમારી માત છે;
મુવાની સંગાથે કોઈ જતું નથી રે – કોઈ...
જગમાં જનેતાએ જન્મ રે દીધો.
પાળી પોષી તને મોટો રે કીધો;
પરણીને માના સામે જોતો નથી રે – કોઈ...
કંઈક ગયાને કંઈક જવાના,
ના કોઈ રહ્યા ને ના કોઈ રહેવાના;
ગયા એના કોઈ સમાચાર નથી રે – કોઈ...
સમજી જીવલડા તું ફેરો સુધાર જે,
માનવનો દેહ મળ્યો પ્રભુને સંભાળીલે:
સાચો સંગાથી શ્યામ વિના નથી રે – કોઈ...

卐

Scanned with CamScanner

શબ્દ કેરી ચોટ

શબ્દ શબ્દમાં ફેર છે, શબ્દ શબ્દમાં ફાવ;
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ,
શબ્દ કે મારે મર ગયે, શબ્દે છોડયા રાજ;
જીન જીન શબ્દ વિવેકીયા, તેના સરીયા કાજ,
શબ્દની જ્યારે ટકોરી એવી હૈયે વાગી જાય છે;
આખા જીવનની ઉંઘ પણ શબ્દે ઉડી જાય છે,
શબ્દ કેરી ચોટથી આ આત્મા જાગી જતો;
હું કોણ ક્યાંથી આવીઓ એ નાદ મનમાં થાય છે.
શબ્દ જો સુંદર વદે આનંદ ત્યાં ઉભરાઇ જતો;
શબ્દથી જગમાં બધે મોટી લડાઇ થાય છે,
તલવાર કેરા ઘાવ તો લાંબે દિવસે રૂઝાઈ જતાં;
ઘાવ લાગ્યા શબ્દના શ્યામ ના ભૂલાય છે.

卐

પ્રભુ ! આટલું દે

મારે અંતરે પ્રેમ ભંડાર ભરો, મારા બોલી મીઠા મધ કરો.
મારી આંખોમાં હેતનું તેમ રહે, મારા વર્તનમાંથી સુહાસ રહે;
કોઈ બીજાનું સુખ હું રાજી થાઉં, બીજાના દુઃખ કંઈ ભાગી થાઉં,
થાઉં રાજી બીજાને કંઈ દઉં, પ્રભુ આટલું દો સુખ માની લઉં.

(ધર્મ સંદેશના સૌજન્યથી)

卐

Scanned with CamScanner

થાવ પ્રસન્ન માત લક્ષ્મી

卐

૨૦૦૩ ના ચૈત્રી પડવાના લક્ષ્મી પ્રાર્થના ન માગું હું આપથી કંઈ

ચૈત્રી વર્ષારંભે માં ! હું કાંઈ ન માગું ;
એક હું તુજ પાસ બસ વરદાન માગું.

આપવા જેવુ લાગે જો તને હે માડી;
તો બસ એકજ ઈચ્છા છે હૃદયમાં

દે વરદાન કે શંકર-દયાનંદ પુનઃ જન્મે જગમાં,
એથી વિશેષ કઇજન માગું ચૈત્રી વર્ષા રંભે

નીત પ્રગટે ઉષા નવલી, દૂર થાયે આસુંરી વૃતિ;
બસ આનંદ વ્યાપી રહે હસ્તી રહે આ સૃષ્ટિ.

યુદ્ધ કે આયુદ્ધનો રણકાર બસ વિરમી રહે;
શાશ્વવ સનાતન વિશ્વમાં શાન્તિ બધે વ્યાપી રહે

કદી માગ્યુ નથી તુજ પાસ માડી આજ હું માગી રહ્યો,
ન સહેવાતાં દુઃખો જગનાં, જીવન નવ ચરણ ધરી રહ્યો.

એક હું તુજ પાસ બસ વરદાન માંગુ,
બસ દે હે માં વરદાન કે વિશ્વ શાંતિ ટકી રહે.

(ધર્મ સંદેશ સૌજન્યથી)

Scanned with CamScanner

પરમાત્મા પ્રાર્થના

તુમિં હો માતા પિતા તુમિ હો;
તુમિ હો બધું સખા તુમિ હો.

તુમિ હો સાથી તુમિ સહારે;
કોઈ ન અપના સિવા તુમારે.

તુમિ હો નૈયા તુમિ હો ખીવૈયા;
તુમિ હો બંધુ સખા તુમિ હો.

તુમિ હો સાથી તુમિ સહરા;
કોઇ ન અપના સિવા તુમારે.

દયા કી દૃષ્ટિ સદાય રખના;
તુમિ હો માતા પિતા તુમિ હો.

જો ભૂલ હમસે હમસે તુમારી શરણો.
જો ફૂલ હમસે તુમારે ચરણે
દયા કિ દૃષ્ટિ સદાય રખના.

તુમિ હો માતા પિતા તુમિ હો;
તુમિ હો બંધું સખા તુમિ હો.

પાપથી નિવૃત થવા માટે

卐

પાપને દેતી દેજો રે દાન કરીને,
ભરે ટાણે જાતુ જોઈને;
ખાધું કે ભૂખ્યા પૂછી જોઈને
એનું પેટ ભરી દેજો રે દાન કરીને,
પુન્યને સમજનારા;
પાપ ને જે તજનારા
પુન્યને પાપને સમજી લેજો રે દાન કરીને,
ભક્તિ જો દીલમાં હશે તો;
પ્રભુ ભજન મુખે થાશે
મુખેથી ભજી લેજો રે દાન કરીને,
જન્મો જન્મના પાપો કાપે;
ભવ ભવ સુંધારી આપે.
પુનિત પ્રભુને મનાવી લેજો રે ... દાન કરી.

દોહરો

કરશો જો દાન સદ ભાવથી, ટળશે સઘળા દુઃખ
તો મળશે પ્રભુ સહાય, મળશે સઘળા સુખ.

卐

Scanned with CamScanner

મનુષ્ય માત્રને પાળવાના નિયમો

卐

૧ સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ, વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨ ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નીરાકાર, નીર્વીકાર, સર્વ શકિતમાન ન્યાયકારી દયાળુ, અજન્મા, અનંત, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક સર્વાન્તર્યામી, અજર, અમર, અભય નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે, તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

૩ વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે વેદનું ભણવું, ભણાવવું, સાંભળવું અને સંભાળવવું એ સઘળા મનુષ્યનો પરમ ધર્મ છે.

૪ સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સદાય તત્પર રહેવું જોઈએ.

૫ સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવો જોઈએ

૬ સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે
અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતી કરવી.

૭ સર્વની સાથે પ્રિતિપુર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮ અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯ દરેક મનુષ્યે પોતાની ઉંન્નતિથી સંતુષ્ટ રહેવું ન જોઈએ,
પરંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉંન્નતિ સમજવી જોઇએ.

૧૦ સઘળા મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમ પાળવામાં
પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં બધા
સ્વતંત્ર રહે.

आचार्य धर्म धर आर्य

Scanned with CamScanner